અપીલ અરજી નં.૪૧૬ તા.૧૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે.જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૭–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મગોબ ખાતેના આઈમાતા રોડ પર આવેલ વિજયનગર વિ.–ર સોસાયટીના લે–આઉટ પ્લાનની નકલ આપશો(ર)આ સોસાયટીના મધ્યમાંથી હાઈ ટેન્સન લાઈન પસાર થાય છે તો આ લાઈનના કેટલા ફુટની દૂરી પર આપના વિભાગે વિકાસ પરવાનગી આપેલ છે તેની માહિતી આપશો. મુદ્દા નં.૩ અત્યાર સુધીમાં હાઈટેન્સન લાઈન નીચે બનેલા બાંધકામોની યાદી તથા તેના વિરૂધ્ધ આપના વિભાગે કરેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.૪ આ સોસાયટીમાં છેલ્લા ર વર્ષમાં ગેરકાયદે બાંધકામો દૂર કર્યા હોય તેના બાંધકામ ધારકોના નામ, સરનામા, વહીવટી ચાર્જ પેટે વસુલ કરેલ ફીની રકમ તથા ડીમોલીશન કર્યા તારીખ સહીતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.પ આ સોસાયટીના કોર્નરમાં આવેલ સોનલ ગોલ્ડ પેલેસ (યશોદા કલીનીક) વાળા બાંધકામને આપના વિભાગે કેટલા માળના બાંધકામની પરમીશન આપેલ છે.તેની વિગત તથા હાલમાં ત્રીજામાળનાં બાંધકામ પરમીશન પત્રની નકલ આપશો તથા આ મિલ્કતનું અગાઉ આપના વિભાગે ડીમોલીશન કર્યુ હોય તો તેની તારીખ, વહીવટી ચાર્જ સહિતની વિગત આપશો. મુદ્દા નં.૬ વિજયનગર વિ–ર નો વિસ્તાર હાલમાં કયા જુનિ. ઈજનેર તથા ડે.ઈજનેરના કાર્યક્ષેત્રમાં આવે છે તેની વિગતો આપશો. તથા આ જુનિ. ઈજનેર તથા ડે. ઈજનેર તેમના અહીંના ફરજકાળ દરમ્યાન વિજયનગર વિ–ર માં કેટલા ગેરકાયદે બાંધકામ ધારકોને નોટીસો આપેલ છે તથા કેટલા ગેરકાયદે બાંધકામોનું ડીમોલીશન કરેલ છે તેની નકલો સહિતની વિગતવારમાહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૬/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૭–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)મગોબ ખાતેના આઈમાતા રોડ પર આવેલ વિજયનગર વિ.–ર સોસાયટીના લે–આઉટ પ્લાનની નકલ આપશો(ર)આ સોસાયટીના મધ્યમાંથી હાઈ ટેન્સન લાઈન પસાર થાય છે તો આ લાઈનના કેટલા ફુટની દૂરી પર આપના વિભાગે વિકાસ પરવાનગી આપેલ છે તેની માહિતી આપશો વિ. મુદ્દા નં. (૧) થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૬ તા.૩૦–૧૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી હોય તો મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૭–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી વરાછા ઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) મગોબ ખાતેના આઈમાતા રોડ પર આવેલ વિજયનગર વિ.–ર સોસાયટીના લે–આઉટ પ્લાનની નકલ આપશો(ર)આ સોસાયટીના મધ્યમાંથી હાઈ ટેન્સન લાઈન પસાર થાય છે તો આ લાઈનના કેટલા ફુટની દૂરી પર આપના વિભાગે વિકાસ પરવાનગી આપેલ છે તેની માહિતી આપશો. મુદ્દા નં.૩ અત્યાર સુધીમાં હાઈટેન્સન લાઈન નીચે બનેલા બાંધકામો ની યાદી તથા તેના વિરૂધ્ધ આપના વિભાગે કરેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.૪ આ સોસાયટીમાં છેલ્લા ર વર્ષમાં ગેરકાયદે બાંધકામો દૂર કર્યા હોય તેના બાંધકામ ધારકોના નામ, સરનામા, વહીવટી ચાર્જ પેટે વસુલ કરેલ ફીની રકમ તથા ડીમોલીશન કર્યા તારીખ સહીતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.પ આ સોસાયટીના કોર્નરમાં આવેલ સોનલ ગોલ્ડ પેલેસ (યશોદા કલીનીક) વાળા બાંધકામને આપના વિભાગે કેટલા માળના બાંધકામની પરમીશન આપેલ છે.તેની વિગત તથા હાલમાં ત્રીજામાળનાં બાંધકામ પરમીશન પત્રની નકલ આપશો તથા આ મિલ્કતનું અગાઉ આપના વિભાગે ડીમોલીશન કર્યુ હોય તો તેની તારીખ, વહીવટી ચાર્જ સહિતની વિગત આપશો. મુદ્દા નં.૬ વિજયનગર વિ–ર નો વિસ્તાર હાલમાં કયા જુનિ. ઈજનેર તથા ડે.ઈજનેરના કાર્યક્ષેત્રમાં આવે છે તેની વિગતો આપશો. તથા આ જુનિ. ઈજનેર તથા ડે. ઈજનેર તેમના અહીંના ફરજકાળ દરમ્યાન વિજયનગર વિ–ર માં કેટલા ગેરકાયદે બાંધકામ ધારકોને નોટીસો આપેલ છે તથા કેટલા ગેરકાયદે બાંધકામોનું ડીમોલીશન કરેલ છે તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપેલ હોવાનું જણાતુ નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૭–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે.જાંગીડ,